આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

ધનને સાચવી જાણે તે
સંસારી મનને સાચવી જાણે
તે સંયમી
- સુફી સૈયદ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૭૯ | ૩૦ મે, ૨૦૧૩, ગુરૂવાર; વૈશાખ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

કન્યા જન્મદર વૃદ્ધિમાં ગાંધીનગર જિલ્લો ત્રીજા ક્રમે

છેલ્લા દાયકામાં જિલ્લામાં કન્યા જન્મદરમાં નોંધપાત્ર સુધારો : હવે જિલ્લામાં ૧૦૦૦ કુમારો સામે ૮૪૭ કન્યાઓ

ગાંધીનગર, તા. ૨૯

છેલ્લા એક દાયકાથી ખુબ જ આક્રમકતાપૂર્વક ચાલી રહેલી 'બેટી બચાવો' અને 'સ્ત્રી ભૃણ હત્યા નિષેધ' ઝુંબેશના પરિણામો હવે ધીમે ધીમે પ્રાપ્ત થઈ રહ્યા છે. ૦ થી ૬ વર્ષની ઉંમરના છોકરાઓ અને કન્યાઓના જાતિ દરમાં જે તફાવત હતો તે ૨૦૧૧માં ઘટ્યો છેઅનેગુજરાતમાંબાળકીઓની સંખ્યા વધી છે. ૨૦૦૧માં દર ૧૦૦૦ છોકરાઓની સામે ૮૮૩ કન્યાઓહતી તે ૨૦૧૧માં વધીને ૮૯૦ પર પહંચી છે. મહેસાણા, અ ા ણ ં દ , ગાંધીનગર, પાટણ અને સાબરકાંઠા જિલ્લાઓ માં જાતિદરમાં ખુબ સારો સુધારો થયો છે.

જાતિ દરમાં સુધારામાં પ્રથમ પાંચ જિલ્લા

જિલ્લો	૨૦૦૧	૨૦૧૧	સુધારો
મહેસાણા	૮૦૧	૮૪૨	૪૧
આણંદ	૮૪૯	૮૮૪	૩૫
ગાંધીનગર	૮૧૬	૮૪૭	૩૧
પાટણ	૮૬૫	૮૯૦	૨૫
સાબરકાંઠા	૮૭૮	૯૦૩	૨૪

જુની પુરાણી માન્યતાઓ અને આંધળા મોહમાં ફસાયેલો સમાજ દીકરીઓ કરતાં દિકરાઓને વધુ મહત્વ આપે છે. દિકરાના મોહમાં સ્ત્રી ભૃણ હત્યા કરતાં પણ મા-બાપ વિચારતા નથી. આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી સ્ત્રી ભૃણ હત્યાનું પ્રમાણ વધી જતા સમાજમાં દિકરા-દીકરીઓના દરમાં ખુબ મોટો તફાવત આવી જતાં છેલ્લા એક દાયકાથી ગુજરાતમાંજોરશોરથી 'બેટી બચાવો' અભિયાન ચાલી રહ્યું છે. ગર્ભનું જાતિ પરિક્ષણ કરતાં તબીબો કરતાં ચિત્ર વધુ સ્પષ્ટ મળે છે. ૦ થી ૬ વર્ષની વયજૂથમાં ૨૦૦૧ માં દર ૧૦૦૦ છોકરાઓનીસામે માત્ર ૮૮૩ છોકરીઓ હતી. બેટી બચાવો જેવી ઝુંબેશના પરિણામે ૨૦૧૧ માં આ આંકડો ૮૯૦ સુધી પહોંચ્યો છે.

આંકડાકીય વિગતોની ચકાસણી સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવતા સ્ત્રી ભૃણ હત્યાનું પ્રમાણ ગુજરાતમાં ઘટ્યું છે. જાતિદર તફાવતમાં રાજયમાં જયાં સૌથી વધુ ખરાબ પરિસ્થિતિ હતી તે મહેસાણા જિલ્લામાં ૪૧ પોઈન્ટનો સુધારો આવ્યો છે. અને કન્યાઓની સંખ્યા દર હજારે ૮૪૨ પર પહોંચી છે. સ્ત્રી જન્મ દર સુધારામાં પહેલા ક્રમે મહેસાણા જિલ્લો છે. તે પછી ૩૫ પોઈન્ટના સુધારા સાથે ૮૮૪ બાળકીઓનો દર આણંદ જિલ્લામાં છે. શિક્ષિત એવા ગાંધીનગર જિલ્લામાં પણ બેટી બચાવો અભિયાનની ખુબ અસર થઈ છે. અને સ્ત્રી ભૃણ હત્યાનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટ્યું છે. ૨૦૦૧ માં જયાં દર હજાર છોકરાઓ સામે જિલ્લામાં માત્ર ૮૧૬ બાળકીઓ હતી તેમાં ૩૧ પોઈન્ટનો સુધારો આવ્યો છે અને ૨૦૦૧ માં જાતિદર તફાવત દર હજારે ૮૪૭ પર પહોંચી શક્યો છે.

જોકેજ્યાંસ્ત્રીજન્મદર ઉંચોહતો તેવા આદિવાસી વિસ્તારોમાં જાતિદરનો તફાવત વધ્યો છે અને પરિસ્થિતિ બગડી છે. સ્ત્રી જન્મદર જ્યાં નીચે નોંધાયો છે તેવા સુરત જિલ્લો ૨૦૦૧ માં દર હજારે ૮૫૯ કન્યાઓ હતી જ્યારે આજે ૨૪ની ઘટ સાથે આ દર ૮૩૫ પર પહોંચ્યો છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ગ્રામ્ય વિસ્તારો કરતા શિક્ષિત ગણાય તેવા શહેરી વિસ્તારમાં જાતિદર તફાવત વધુ જોવા મળ્યો છે.

નબળા દેખાવમાં છેલ્લા પાંચ જિલ્લા

જિલ્લો	૨૦૦૧	૨૦૧૧	ઘટાડો
સુરત	૮૫૯	૮૩૫	૨૪
દાહોદ	૯૬૭	૭૪૮	૧૯
ડાંગ	૯૭૪	૯૬૪	૧૦
બનાસકાંઠા	૯૦૭	૮૯૮	૦૯
વલસાડ	૯૩૩	૯૨૫	૦૮

બાળ જાતિ દર સુધારામાં ગુજરાત સાતમા ક્રમે

ગાંધીનગર, તા. ૨૯

'બેટી બચાવો' અભિયાન ગુજરાતમાં ખુબ મકકમતાપૂર્વક ચાલી રહ્યું છે. જો કે અમુક જિલ્લાઓને બાદ કરતાં બાળ જાતિ દરમાં જોઈએ તેવો સુધારો ન આવતા સમગ્ર દેશમાં ગુજરાત આ મામલે સાતમા ક્રમે પહોંચ્યું છે.

ભૃણ પરીક્ષણના માઠા પરિણામો પ્રાપ્ત થતાં છેલ્લા કેટલાક વર્ષોથી ગર્ભ જાતિ પરિક્ષણ પર પ્રતિબંધ લાદી દેવાયો છે અને આવું કૃત્ય ગુન્હાહીત ગણાય છે. ગર્ભસ્ત શિશુનું જાતિ પરિક્ષણ કરતાં કેટલાક તબીબો પર કાયદાકીય કાર્યવાહી પણ કરવામાં આવી છે. વળી સમાજમાં જાગૃતિ લાવવા 'બેટી બચાવો' અભિયાનને સમગ્ર દેશમાં સક્રિય બનાવાયું છે. આ અભિયાનના પરિણામો પ્રાપ્ત થઈ રહ્યા છે. ૦ થી ૬ વર્ષની વયજુથમાં બાળકીઓનું પ્રમાણ જયાં ઓછું હતું તેવા પંજાબ, ચંદીગઢ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, અરુણાચલ પ્રદેશ અને અંદમાન-નિકોબાર વિસ્તારમાં આ ઝુંબેશની અસર થઈ છે અને જાતિ દરનો તફાવત ઘટયો છે. ગુજરાતમાં પણ જાતિ દરમાં સુધારો થયો છે અને તે આ બધા રાજયો બાદ ૭ પોઈન્ટના સુધારા સાથે સાતમા ક્રમે રહ્યું છે. ગુજરાતમાં ૨૦૦૧ માં દર હજાર છોકરાઓની સામે ૮૮૩ કન્યાઓ હતી તે ૨૦૧૧ માં વધીને ૮૯૦ સુધી પહોંચી છે.

ગટરલાઈનોની સાફ સફાઈ માટે અને સમસ્યાના નિકાલ માટે ખાસ અભ્યાસ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં ગટરલાઈનોની સાફ સફાઈની વ્યવસ્થા અને સમસ્યાને લઈ સેપ્ટ અથવા નિરમા જેવી સંસ્થાના વિદ્યાર્થીઓ પાસેથી વિગતવાર અભ્યાસ કરાવવા અંગેની સક્રિય વિચારણા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરની ડ્રેનેજ વ્યવસ્થામાં છેલ્લા થોડાક સમયથી થોકબંધ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. આ મુદ્દે સત્તાવાળાઓ સમક્ષ પણ રજુઆતોનો સીલસીલો વધી રહ્યો છે.

તાજેતરમાં જિલ્લાના પ્રભારી સચિવે આ મુદ્દે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની એક બેઠક પણ યોજી હતી અને આ બેઠકમાં આધુનિક સફાઈ વ્યવસ્થા અંતર્ગત અભ્યાસ કરાવવા માટે જણાવાયું હતું.

જિલ્લાના પ્રભારી સચિવ શ્રી સંજય પ્રસાદે તો તંત્રને પ્રોએક્ટીવ થઈ કોઈ એક સેક્ટરમાં ફરિયાદોના સામૂહિક નિકાલ અંગેની ઝુંબેશ કરવા પણ સૂચવ્યું છે.

પ્રભારી સચિવશ્રીએ પ્રીવેન્ટીવ

સચિવાલયમાં કર્મયોગીઓને યોગની તાલીમ માટે વિશેષ વ્યવસ્થા....

સચિવાલય પ્રાંગણમાં આરામ - આજકાલ ગરમીના દિવસોમાં સચિવાલયના મુલાકાતીઓ પ્રાંગણમાં ઝાડ નીચે છાંયડામાં આરામ કરી ગરમીથી રાહત મેળવે છે... એમાંય ખાસ કરીને મંગળવાર અને બુધવારે મુલાકાતીઓના ધાડેધાડા ઉમટે છે... પરંતુ રાહત મેળવવાનું એકમાત્ર સ્થળ વૃક્ષનો છાંયડો બની રહે છે....

સિવિલ હોસ્પિટલમાં સોફટવેર આધારિત ફાયર સીસ્ટમ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં આગામી દિવસોમાં સોફટવેર આધારિત ફાયર સેફટી સિસ્ટમથી સુજજ કરવામાં આવશે.

ગુજરાત રાજય ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા આ અંગેના પાયલોટ પ્રોજેકટ માટે ગાંધીનગર અને સોલા સિવીલ હોસ્પિટલના સંકુલોની પસંદગી કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આ પાયલોટ પ્રોજેકટ અંતર્ગત ફાયર બ્રિગેડ, સિવીલ સત્તાવાળા અને આપત્તિ વ્યવસ્થાપન તંત્ર આપત્તિના સમયમાં એકમેકની સાથે ખભેખભા મિલાવી કામ કરી શકે તે રીતે કનેકટીવીટીથી જોડવામાં આવશે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલ સંકુલની આજે આ કામગીરી માટે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સિવીલમાંથી એન્ટ્રી, એકઝીટ સહિત અન્ય બાબતોની ચકાસણી કરવામાં આવી હતી.

સિવીલ હોસ્પિટલમાં આપત્તિ વ્યવસ્થાપનને આંતરરાષ્ટ્રીય સ્તરનું બનાવવામાં આવશે. જેમાં નજીકની હોસ્પિટલ, ત્યાં ઉપલબ્ધ સેવાઓ, એમ્બ્યુલન્સ સહિત ઘણી બધી બાબતોને આવરી લેવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આપત્તિ વ્યવસ્થાપન મંડળના અધિકારીઓ અને ખાનગી કંપનીના ઈજનેરોની ગાંધીનગરમાં બેઠક થઈ હતી. આ પછી આજે સિવીલ હોસ્પિટલ ચંકુલના સર્વેની કામગીરી હાથ ધરી હતી. એક કલાક સુધી તેમણે સિવીલ સંકુલની મુલાકાત લઈ અને બધી જ બાબતોને આવરી લેતું સર્વેનું કામ કર્યું હતું.

હવે કંપની દ્વારા એકાદ પખવાડિયામાં આખો ડી.પી.આર. તૈયાર કરી દેવામાં આવશે અને ત્યારબાદ તે અંગેની કામગીરી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલ એ દેશની પ્રથમ સરકારી સિવીલ હોસ્પિટલ અને એન.એ.બી.એચ. પ્રમાણિત હોવાનું ગૌરવ ધરાવે છે. હવે આ એન.એ.બી.એચ. હોસ્પિટલ સોફટવેર આધારિત આંતરરાષ્ટ્રીય સ્તરની ફાયર સેફટી સુવિધા ધરાવતી હોસ્પિટલ બનશે. મળતી વિગતો પ્રમાણેઆ ટીમ હવેસોલા હોસ્પિટલની પણ મુલાકાત લેનાર છે. બંને સરકારી હોસ્પિટલોમાં આ કામગીરી એક સાથે ચાલુ કરવામાં આવશે.

પેટા ચૂંટણીમાં પ્રચાર પરાકાષ્ઠાએ

ગાંધીનગર, તા. ૨૯

પેટા ચૂંટણીઓ આડે હવે માત્ર ત્રણ દિવસ જ બાકી રહ્યા છે ત્યારે ભાજપ અને કોંગ્રેસે ચૂંટણી પ્રચારને વેગીલો બનાવીને છેલ્લી ઘડીના પ્રયાસરૂપે એડીચોટીનું જોર પ્રચારમાં લગાવી દીધું છે.

ગુજરાતની પોરબંદર, બનાસકાંઠા, લોકસભા બેઠક અને વિધાનસભાની ધોરાજી, જેતપુર, લીંબડી અનેમોરવાહડફની પેટા ચૂંટણીઓ રજી જૂનના રોજ યોજાનાર છે. આ પેટા ચૂંટણીઓ માટેનો ચૂંટણી પ્રચાર પડઘમ ૩૧ મીના સાંજના શાંત પડી જશે.

ચૂંટણી પ્રચાર માટે હવે માત્ર બે દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ભાજપ કોંગ્રેસ અને ઉમેદવારોને ચૂંટણી પ્રચારને વેગીલો બનાવીને મતવિસ્તારની પરીક્રમા કરી શકય તેટલા મતદારોનો લોકસંપર્ક કરવા માટે પ્રયાસો કરી રહ્યા છે.

ભાજપ અને કોંગ્રેસના પ્રદેશ નેતાઓએ પણ ચૂંટણી પ્રચારમાં ઝંપલાવીને આ પેટા ચૂંટણી જંગ જીતવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ભાજપ દ્વારા ચૂંટણી પ્રચારમાં કેન્દ્ર સરકારના ભ્રષ્ટાચારો અને કૌભાંડોને મુખ્ય મુદ્દો બનાવવા ઉપરાંત નર્મદા બંધના દરવાજાને પણ મુદ્દો બનાવીને મતદારોને રીઝવવા માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

તો બીજી બાજુ કોંગ્રેસ ગુજરાત ભાજપ સરકારની નિષ્ફળતાઓ ઉપરાંત પાણીની સમસ્યાને મુખ્ય મુદ્દો બનાવીને મતદારોને રીઝવવા અને કોંગ્રેસના ઉમેદવારોને વીજય બનાવવા માટે અપીલ કરવામાં આવી રહી છે.

આ પેટા ચૂંટણી જંગ ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો માટે પ્રતિષ્ઠાનો જંગ હોઈ બંને પક્ષો દ્વારા આ પેટા ચૂંટણીઓ જીતવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. આ પેટા ચૂંટણીમાં સૌરાષ્ટ્રના દિગ્ગજ નેતા વિઠ્ઠલ રાદડીયા અને લીંબડી બેઠક પર પૂર્વ મંત્રી કીરીટસિંહ રાણાનું રાજકીય ભાવિ દાવ પર લાગેલું છે.

૨ જી જુને પેટા ચૂંટણીઓ યોજાનારી હોઈ ૩૧મી મેના રોજ સાંજે પાંચ વાગ્યાથી ચૂંટણી પ્રચાર પડઘમ શાંત પડી જશે અને ત્યારબાદ ઉમેદવારો દ્વારા પાછલા બારણે મતદારોનો ખાનગીમાં સંપર્ક સાધીને રીઝવવા માટે છેલ્લી ઘડીના પ્રયાસો કરવામાં આવશે.

પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. ચૂંટણીઓ શાંતિપૂર્ણ અને ન્યાયિક વાતાવરણમાં યોજાય તે માટે સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ત્રીજી જૂને પરિણામ જાહેર

પ.૩૩ લાખ વિદ્યાર્થીઓના ભાવિનો નિર્ણય થશે : ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના બીજા સેમેસ્ટરનું પરિણામ ૧૦ જુનના રોજ

અમદાવાદ, તા.૨૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૩માં લેવામાં આવેલ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ ત્રણ જુનના રોજ જાહેર કરવામાં આવશે. જયારે એપ્રિલ-૨૦૧૩માં લેવાયેલ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના બીજા સેમેસ્ટરનું પરિણામ તારીખ ૧૦ જુનના રોજ બોર્ડની વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૩માં લેવાયેલ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ ત્રણ જુનના રોજ જાહેર કરવામાં આવશે. આ વખતની બોર્ડની પરીક્ષામાં ૫.૩૩ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આજ દિવસે શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત માધ્યમનું પરિણામ પણ તારીખ ત્રણ જુનના રોજ જાહેર કરવામાં આવશે. આ ઉપરાંત શિક્ષણ બોર્ડ દ્વારા એપ્રિલ-૨૦૧૩માં લેવાયેલ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના બીજા સેમેસ્ટરની પરીક્ષાનું પરિણામ ૧૦ જુનના રોજ બોર્ડની વેબસાઈટ ઉપર જાહેર કરાશે. વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ www. gseb. org, www.gipl. net, www.indiaresult.com ઉપર પોતાનું પરિણામ જાણી શકાશે. આ ઉપરાંત શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓ મોબાઈલ ફોન ઉપર એસએમએસથી પરિણામ જાણી શકે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જેના માટે વિદ્યાર્થીઓએ પોતાના મોબાઈલ ઉપર HSC (પોતાનો સીટ નંબર) ટાઈપ કરીને ૫૦૧૧૧ ઉપર

● અનુસંધાન પાન-૭ પર